# સે-૭ અને ૨ ૩ની લગ્નવાડીનુ રીનોવેશન કરાશે

## અંદાજિત ૧ કરોડનો ખર્ચ : લગ્ન સમારંભ માટે ડિસેમ્બર મહીનામાં સે-૭ની લગ્નવાડીનો ઉપયોગ કરી શકાશે નહીં

ગાંધીનગર તા ૬

શહેરના સેકટરોમાં સ્થિત લગ્નવાડીઓનુ દાયકાઓ પુર્વે નિર્માણ કરવામાં આવ્યુ હતુ. હાલ સેકટરોમાં સ્થિત આ લગ્નવાડી ખંડેર બની છે. કંગાળ લગ્નવાડીને નવા રૂપ રંગ આપવા માટે ટુંકમાં જ તેનુ રીનોવેશન હાથ ધરાશે. જો કે રીનોવેશનના અંતે લગ્નવાડી કોર્પોરેશનને સોંપી દેવામાં આવશે. સે-૭ અને સે-૨૩ ની લગ્નવાડીના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૧કરોડનો ખર્ચ કરાશે. સે-૭ ની લગ્નવાડીના રીનોવેશનના આયોજનના લીધે ડિસેમ્બર મહીનામાં લગ્નસરાના આયોજકો આ વાડીનો ઉપયોગ કરી શકશે નહી અલબત્ત લગ્નવાડી ફાળવવામાં આવશે નહીં. શહેરમાં દાયકાઓ પુર્વે સેકટરોમાં લગ્નવાડીનુ નિર્માણ કરાયુ હતુ. શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારે લગ્નસમારંભના આયોજનમાં સરળતા રહે તે માટે નાગરિકો માટે સેકટરોમાં લગ્નવાડી બનાવવામાં આવી હતી. પરંતુ સમય જતા જાળવણીના અભાવે લગ્નવાડીની હાલત બદતર થતા લગ્ન સમારંભના આયોજકો માટે અનેક સમસ્યાઓ ઉભી થઈ હતી. જેના લીધે સેકટરોની કેટલીક લગ્નવાડીનુ અગાઉ રીનોવેશન હાથ ધરાયુ હતુ. પરંતુ યોગ્ય સફાઈ અને સુપરવિઝનના અભાવે લગ્નવાડી કંગાળ બનતા સમસ્યા યથાવત રહી હતી. શહેરમાં સે-૭ અને સે-૨૩ ની લગ્નવાડી લાંબા સમયથી કંગાળ હાલતમાં છે. જેના લીધે તંત્ર દ્વારા આ બન્ને લગ્નવાડીના રૂપરંગ બદલવા માટે રીનોવેશનનુ આયોજન કર્યુ છે. જેમાં સે-૭ અને સે-૨૩ ની લગ્નવાડીમાં ફલોરીંગ, પ્લાસ્ટર , ટોઈલેટ બ્લોક , રસોડુ સહીત લગ્નના હોલ સહીતનુ રીનોવેશન કરવામાં આવશે લગ્નવાડીને કલર પણ કરવામાં આવશે. બન્ને લગ્નવાડીના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૧ કરડનો ખર્ચ કરવામાં આવશે. આગામી દિવસોમાં સે-૭ લગ્નવાડીના રીનોવેશન માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે ત્યારબાદ રીનોવેશનની કામગીરી હાથ ધરાશે. જયારે સે-૨૩ લગ્નવાડીના રીનોવેશન માટે કાર્યયોજના તૈયાર થઈ ગઈ છે.

# દિવસ ટૂંકો અને રાત લાંબી ધીમા પગલે શિયાળાનુ આગમન

## વાવાઝોડા અને વરસાદની અસરના કારણે હજુ જોકે થોડોક બફારો અનુભવાય છે : ઠંડી થોડાક દિવસોમાં વધશે



ગાંધીનગર, તા. ૬

નવરાત્રી બાદથી વાતાવરણમાં અનુભવાતો થોડો થોડો ફેરફાર વધુ વધુ લાગવા માંડ્યો છે. ઠંડી હજુ વધી નથી પરંતુ દિવસ ટૂંકો અને રાત લાંબી થવા માંડી છે. સાંજે છ વાગતા સુધીમાં તો અંધારાના ઓળા ઉતરવા માંડે છે. આગામી દિવસોમાં ઠંડી વધવાની શક્યતાઓ છે.

નવેમ્બર મહિનો બેસી ગયો છે. વાતાવરણમાં મોસમના બદલાવનો અનુભવ થઈ રહ્યો છે. આ વર્ષે છેક નવરાત્રી અને દિવાળી સુધી જુદા જુદા કારણોસર વારંવાર વરસાદી વાતાવરણ છવાયેલુ રહ્યુ. હવે ધીમે ધીમે શિયાળાનુ આગમન થઈ રહ્યુ હોય તેવુ લાગી રહ્યું છે. વાતાવરણમાં ફેરફારનો પ્રથમ અનુભવ દિવસ ટૂંકો અને રાત લાંબી થઈ રહી છે તેના કારણે થઈ રહ્યો છે. સવારે સાત-સાડા સાત વાગ્યા પછી થોડોક તડકો નીકળે છે તો સાંજે છ વાગતા સુધીમાં તો અંધારૂ થવા લાગે છે. આગામી દિવસોમાં ધીમે ધીમે ઠંડી વધશે ત્યારે શિયાળો જામશે તેવુ લાગી રહ્યું છે.

નવરાત્રી બાદ રાત્રીના સમયે થોડી ઠંડીનો અનુભવ થતો હતો. દ્વિચક્રી વાહન પર નીકળતા ઓઢવુ પડે તેવુ લાગતુ હતુ. જોકે છેલ્લા દસેક દિવસથી અરબી સમુદ્રમાં સર્જાયેલા વાવાઝોડાના પગલે આકાશમાં વાદળો છવાયા હતા. એકાદ બે વખત ઝાંપટુ પણ પડ્યુ. વાતાવરણમાં ભેજ વધતા બફારો અનુભવાયો હતો. થોડીક ગરમીનો અનુભવ દિવસ દરમ્યાન થતો હતો. આગામી દિવસોમાં વાતાવરણમાં વધુ ફેરફાર આવશે. ભેજ ઘટતા ઠંડીનું પ્રમાણ પણ વધશે. બીલ્લીપગે શિયાળાનુ આગમન થઈ રહ્યુ હોય તેવુ લાગી રહ્યુ છે.

# હવે આઈટીઆઈમાં પણ લર્નીંગ લાયસન્સ માટેનો ટેસ્ટ લેવાશે

## ગાંધીનગર સહીત જિલ્લાની ચારેય આઇટીઆઇમાંથી રોજ ૫૦ જેટલા લર્નીંગ લાયસન્સ આપી શકાશે

ગાંધીનગર તા ૬

ટ્રાફિક નિયમના કડક અમલ વચ્ચે વાહનમાલિકો લાયસન્સ તેમજ નંબર પ્લેટ અને પીયુસી સહીતની કામગીરી માટે કતારમાં ઉભા થયેલા જોવા મળી રહ્યા છે. આવા સંજોગોમાં અરજદારોની સરળતા માટે હવેથી આઈ ટી આઈમાં પણ લર્નીંગ લાયસન્સ માટેની કાર્યવાહી હાથ ધરાશે.

નવા ટ્રાફિક નિયમનની કડક અમલવારી સાથે વાહનમાલિકો પણ દોડતા થઈ ગયા છે. અલબત્ત પીયુસી , હાઈસિકયુરીટી નંબર પ્લેટ તેમજ લાઈસન્સ સહીતની કામગીરી માટે આર ટી ઓ કચેરી તેમજ પીયુસી સેન્ટર પર રોજબરોજ વાહનમાલિકોની ભારે ભીડ જોવા મળી રહી છે. આર ટી ઓ કચેરીમાં લાયસન્સ માટે પણ રોજબરોજ અંદાજિત ૨૦૦ જેટલા અરજદારો આવતા હોય છે. આવા સંજોગોમાં રાજયની આઈ ટી આઈમાં પણ લર્નિંગ લાયસન્સ માટે ટેસ્ટ લેવાય તે માટે અગાઉ સરકારે વિચારણા કરી હતી. જયારે આ અન્વયે આઈ ટી આઈના મિકેનિકલ તેમજ ઓટોમોબાઈલ ક્ષેત્રના ઈન્સ્ટકટરને તાલીમ પણ આપવામાં આવી હતી. જયારે હવે લર્નિગં લાયસન્સ માટે વિવિધ આઈ ટી આઈમાં પણ ઓનલાઈન એપોઈન્ટમેન્ટ આપવામાં આવી રહી છે.

આ અંગે ગાંધીનગરના એ આર ટી ઓ ડી એમ પટેલે જણાંવ્યુ હતુ કે ગાંધીનગરની ચારેય આઈ ટી આઈના મિકેનીકલ તેમજ ઓટોમોબાઈલ ક્ષેત્રના ઈન્સ્ટ્રકટરને અરજદારોને લર્નિગ લાયસન્સ માટેની ટેસ્ટ કેવી રીતે લેવાય તે માટેની તાલીમ આપવામાં આવી રહી છે. જેના આધારે અત્યાર સુધીમાં ૨૫ જેટલા લાયસન્સ પણ આપવામાં આવ્યા છે. આ માટે બપોરે ૩ : ૩૦ થી ૫ :૩૦ સુધીનો સમય રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત કલોલ, માણસા અને દહેગામ ખાતેની કચેરીમાંથી પણ રોજ ના દસ દસ જેટલા લાયસન્સ નિકળશે તેમ પણ જાણવા મળ્યુ છે.



દિલ્હીમાં વકીલો તેમજ પોલીસ વચ્ચે સર્જાયેલા ઘર્ષણ દરમિયાન વકીલો પર ફાયરીંગ તેમજ લાઠીચાર્જની ઘટનાના પગલે ગાંધીનગરના વકીલોમાં પણ રોષ પ્રવર્તયો છે. જેના વિરોધમાં ગાંધીનગર કોર્ટમાં વકીલોએ વિરોધ વ્યકત કર્યો હતો જયારે બુધવારે બાર એસોસિએશને કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનો ઠરાવ કર્યો હતો.

# નદીના પટમાં રેતી ખનન પ્રવૃત્તિને કારણે બાળકોને શાળામાં જવાની તકલીફ પડે છે

## દોલારાણા-વાસણા ગામે સેવાસેતુ પછી યોજાયેલ રાત્રિસભામાં ૪૦થી વધુ પ્રશ્નો ગ્રામજનોએ રજુ કર્યા : ૧૦થી વધુ પ્રશ્નોનો સ્થળ પર જ તંત્ર દ્વારા નિકાલ કરાયો

ગાંધીનગર, તા. ૬

સાબરમતી નદીના પટમાં થતા વધુ પડતા રેતી ખનનને પગલે નદી પાર કરી અભ્યાસ કરવા આવતા બાળકોને ભારે હાલાકી પડી રહી છે તેવો ગંભીર પ્રશ્ન આજે ગાંધીનગર તાલુકાના દોલારાણા-વાસણા ગામે સેવાસેતુ અંતે યોજાયેલ રાત્રિસભામાં રજુ થયો હતો.

ગ્રામજનોએ તાલુકાના તંત્ર સમક્ષ ૪૦થી પણ વધુ પ્રશ્નો રજુ કર્યા હતા. આ રજુ કરેલા પ્રશ્નોમાં ગામમાં આવેલી બે મજલાની શાળાને અડીને પસાર થતી વીજલાઈન ક્યારેક મોટી હોનરત સર્જી શકે છે તે અંગે વારંવાર કરાયેલ રજુઆત પછી પણ ઉકેલ નહિ આવતો હોવાથી ગ્રામજનો અને વાલીઓની ચિંતા દૂર કરવા પણ ઉગ્રતાથી રજુઆત કરાઈ હતી.

આ રાત્રિસભામાં ઉપસ્થિત રહેલ મામલતદાર સુધીર રાવલે શિક્ષણના આ બન્ને પ્રશ્નો માટે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે તેવી હૈયાધારણ ગ્રામજનોને આપી હતી.

રાવલે સ્થળ પર જ યુજીવીસીએલને વીજલાઈન અંગે તાત્કાલિક પગલાં લેવા જણાવ્યુ હતુ. યુજીવીસીએલે પણ એક સપ્તાહમાં જ આ અંગે સર્વે સહિતની કામગીરી કરી યોગ્ય કાર્યવાહી કરાશે તેમ ખાત્રી આપી હતી.

નદીના પટમાં થતા રેતીખનન અંગે જિલ્લા ભૂસ્તરતંત્રનું એક જ દિવસમાં ધ્યાન દોરી યોગ્ય પગલાં લેવામાં આવશે તેમ જણાવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# હોમગાર્ડના જવાન પર હુમલો કરવાના કેસમાં આરોપીને બે વર્ષની કેદ

ગાંધીનગર તા ૬

સે-૩૦ માં સ્થિત ગોલ્ડન પાર્ક સોસાયટીમાં હોમગાર્ડના જવાન પર હુમલો કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને બે વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર સે-૩૦ સ્થિત ગોલ્ડન પાર્ક સોસાયટી ખાતે હોમગાર્ડ જવાન કમલેશસિંહ હીંમતસિંહ સિંધા તા ૨૯ માર્ચ ૨૦૧૭ના રોજ રાત્રિના સમયે ફરજ પર હતા આ દરમિયાન એક અજાણ્યો ઈસમ શંકાસ્પદ હાલતમાં ફરતો હતો આ દરમિયાન જવાને તેને પડકારતા આ ઈસમ ત્યાંથી નાસી છુટયો હતો. જયારે તેનો પીછો કરતી વેળાએ આ ઈસમે હોમગાર્ડ જવાનને લોખંડનો સળિયો માથાના ભાગે મારી ગંભીર ઈજા પહોંચાડી હતી આ ઉપરાંત જમણા પગે તેમજ માથાના ભાગે પણ જવાનને ઈજા થવા પામી હતી. જયારે સ્થળ પર બુમાબુમ થતા પોલીસ વાન આવી જતા કાલુપુરના મોહમ્મદ સાહીદ ઈમરાન અહેમદ નામના આ ઈસમને પોલીસે પકડી લીધો હતો. આ બનાવ સંદર્ભે સે-૨૧ પોલીસ મથકે ગુન્હો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી આ કેસ ગાંધીનગરની પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે જીગ્નેશ એચ જોષીએ દલીલો કરી હતી. સરકારી વકીલોની દલીલો તેમજ પુરાવાઓને ધ્યાને લઈ જજ આઈ જે વોરાએ આરોપીને બે વર્ષની કેદની સજા તેમજ રૂ ૧ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યા છે. અને જો આરોપી દંડ ન ભરે તો વધુ ૧૦ દિવસની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

# જર્જરિત જળભંડારોની મરામત અને નિભાવણી માટે એક્શન પ્લાન તૈયાર કરવા સરકારની તાકિદ

ગાંધીનગર, તા. ૬

રાજયના વન-પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેન ડૉ. રાજીવકુમાર ગુપ્તાએ તમામ જિલ્લાના અધિકારીઓને એક વિસ્તૃત પત્ર લખી જુના-જર્જરિત અને લીકેજીસ થતા પાણીના સ્ત્રોતોની મરામત અંગેનો એક રોડમેપ તાત્કાલિક તૈયાર કરી રાજયના વન વિભાગને મોકલી આપવા કહ્યું છે.

તેમણે તેમના આ પત્રમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના ચુકાદાને પણ ટાંક્યો છે તેમજ ભારત સરકાર દ્વારા અપાયેલ સૂચનાઓ જે ૨૦૦૯ અને ૨૦૧૭માં હતી તે તરફ ધ્યાન પણ દોર્યુ છે.

રિનોવેશન, રિસ્ટોર અને રિપેરીંગ એમ ત્રણ બાબતોને ધ્યાને રાખી આ એક્શન પ્લાન તૈયાર કરવા માટેની સૂચનાઓ આપી છે. આ માટે આ જળસ્ત્રોતોને યુનિક આઈ.ડી. નંબર પણ આપવા જણાવ્યુ છે.

જળ એજ જીવન અને જલસેવા એજ સાચી સેવાના સૂત્રને સાર્થક કરવા સરકાર દ્વારા આ વર્ષે ઘણા મહત્વના નિર્ણયો લેવામાં આવી રહ્યા છે ત્યારે ડૉ. ગુપ્તાનો આ પત્ર અતિ મહત્વનો પુરવાર થઈ રહેશે.

વન અને પર્યાવરણ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ એક્શન પ્લાન તૈયાર કરવા તેમજ આ મુદ્દાઓ અંગે જરૂરી માર્ગદર્શન માટે પોલ્યુશન કંટ્રોલ બોર્ડના સિનિયર પ્રદૂષણ નિયંત્રણ ઈજનેરનો મોબાઈલ નંબર પણ ટાંકી તેમની સાથે ચર્ચા કરવા જણાવ્યુ છે.

રાજયમાં આ વખતે ૧૪૪ ટકા જેટલો વરસાદ થયો છે ત્યારે જળ સંચયને વધુ મહત્વ આપવા સરકાર કેટલી આગ્રહી છે તે પણ આ પત્ર પરથી સમજાઈ શકે છે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

વન વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લાઓમાંથી મળેલ એકશન પ્લાન પછી રાજયના મુખ્ય સચિવશ્રી દ્વારા તેની સમીક્ષા થશે અને તે કેન્દ્ર સરકારને મોકલી આપવામાં આવશે.

રાજયમાં લીકેજીસ થતા જળસ્ત્રોતોની મરામત પર ખાસ ભાર મુકવામાં આવ્યો હોવાનું જણાવતાં આ સૂત્રોએ જણાવ્યુ છે કે પાણીનો ખોટો વ્યય ના થાય અને તેના એક એક ટીપાનો સદુપયોગ થાય તે જરૂરી છે. વર્તમાન પ્રધાનમંત્રી મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વન ડ્રોપ ફોર એગ્રીકલ્ચરની ખાસ ઝુંબેશ ચલાવી હતી તે ઉલ્લેખનીય છે.

ડૉ. ગુપ્તાએ લખેલ આ પત્ર પછી રાજયનુ પંચાયત વિભાગ પણ હરકતમાં આવ્યુ છે અને તેણે આ માટે તમામ જિલ્લાઓને પત્ર લખી તાત્કાલિક આ કાર્યવાહી કરવામાં આવે અને આ માસના અંત સુધીમાં એકશન પ્લાન મોકલી આપવામાં આવે તેવી સૂચનાઓ જારી કરી હોવાનું સચિવાલયના સૂત્રોએ ઉમેર્યુ છે.

## બેસણું



અમારી પુત્રવધુ **સ્વ. પટેલ સોનલબેન મેહુલભાઈનું (કીડઝી સ્કૂલ)** ગામ: ત્રાંસવાડ, હાલ - ગાંધીનગર, ઉ.વ. ૩૪ તા. ૫/૧૧/૨૦૧૯ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે... ઓમ શાંતિ... **સદ્દગતનું બેસણું તા. ૮/૧૧/૨૦૧૯ને શુક્રવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર**

લિ.

પટેલ રમેશભાઈ ગંગારામ — પટેલ શાંતાબેન રમેશભાઈ
પટેલ મેહુલભાઈ રમેશભાઈ — પટેલ અંકિતા હાર્દિકભાઈ
ડો. હાર્દિકભાઈ રમેશભાઈ પટેલ — મેક્ષા, વીર, અયાંશ
ફર્મ : કેપીટલ ઓફસેટ, ગાંધીનગર

## પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



ધૂપસળી જેવું જીવન જીવી, સૌનો સાથ છોડી એકલાં અક્ષરધામ સીધાવ્યાને જોતજોતામાં એક વર્ષના વહાણા વાયા છતાં આપના સરળ,માયાળુ, મળતાવડાં અને સહનશીલ, વિનય, વિવેક, વ્યવહારૂં, ભક્તિમય સ્વભાવવાળાં, સુખને વહેંચનાર, દુઃખને પચાવનાર એવા આપની ચિરયાદ અમારા હ્રદયમાં કાયમ સ્થિર રહેશે. આપના દિવ્ય આત્માને પરમ કૃપાળું સ્વામિનારાયણ ભગવાન શાંતિ આપે એજ પ્રાર્થના....

**સ્વ.સરસ્વતીબેન સૂર્યકાન્ત બારોટ**
સ્વ.તા.૭-૧૧-૨૦૧૮

લિ. સૂર્યકાંત આર. બારોટ અને સમગ્ર પરિવાર (સેકટર-૮, ગાંધીનગર.)

## ઓનલાઈન જાહેર નિવિદા નં. ૪/૨૦૧૯-૨૦

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૨, વિજ સબસ્ટેશન વિધાનસભા નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦ (ફોન નં. ૨૩૨૫૯૪૬૯-૭૦) દ્વારા વિજળીકરણના લગતા એક કામની ઓનલાઈન ટેન્ડર મંગાવામાં આવે છે. જેની અંદાજીત રકમ ૨૯૭૭૭૮.૦૦ છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામની છેલ્લી તારીખ ૧૧/૧૧/૧૯ (સમય ૧૬ કલાક સુધી) www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે.

માહિતી/૧૩૯૧/૧૯-૨૦

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ,
૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com